નં.આરડીએ/બેટરમેન્ટ-ઇન્ક્રીમેન્ટલચાર્જીસ/પરિપત્ર/૨૦૨૬/ ૮૪૪

તા.૦૭/ ૦૯/૨૦૨૬

ગુજરાત પેટ્રોલિયમ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર.

**// પરિપત્ર //**

વંચાણે લીધા:- (૧) AUDA, SUDA, VUDA અને GUDAના પરિપત્ર/બોર્ડ બેઠકના ઠરાવ.

(૨) અત્રેની કચેરીની તા.૦૭/૦૪/૨૦૨૬ના રોજની ૧૯ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૧૯/૦૮.

સંદર્ભ (૧) થી શહેરી વિકાસ સત્તામંડળો જેમ કે AUDA, SUDA, VUDA અને GUDA દ્વારા બેટરમેન્ટ / ઇન્ક્રીમેન્ટલ ચાર્જની વસૂલાત કરવા અલગ અલગ હપ્તાઓની સંખ્યા, લાગુ પડતા વ્યાજદર તથા ચુકવણીની પદ્ધતિઓનું અમલીકરણ કરેલ છે.

સંદર્ભ (૨) થી જીપીસીપીએસઆઇઆરડીએ વિસ્તારમાં બેટરમેન્ટ/ ઇન્ક્રીમેન્ટલ ચાર્જની વસૂલાત કરવા માટેના નીચે મુજબના હપ્તાઓની સંખ્યા, લાગુ પડતા વ્યાજદર તથા ચુકવણીની પદ્ધતિઓનું અમલ કરવા જણાવેલ છે.

I. રૂ.૨૫.૦૦ લાખ સુધીના બેટરમેન્ટ / ઇન્ક્રીમેન્ટલ ચાર્જીસના કિસ્સામાં અરજદારશ્રી / જમીનમાલિકશ્રી / ડેવલપરશ્રી દ્વારા વિકાસ પરવાનગી મેળવતી/મંજૂર કરતી વખતે સમગ્ર રકમ એક સાથે ભરપાઈ કરવાની રહેશે.

II. રૂ.૨૫.૦૦ લાખથી વધુના બેટરમેન્ટ / ઇન્ક્રીમેન્ટલ ચાર્જીસના કિસ્સામાં અરજદારશ્રી / જમીનમાલિકશ્રી / ડેવલપરશ્રીને ૧૮% વાર્ષિક વ્યાજના દરે વધુમાં વધુ ૧૨ માસના હપ્તાઓમાં રકમ ભરપાઈ કરવાની મંજૂરી આપવામાં આવશે.

III. મંજૂર થયેલ બેટરમેન્ટ / ઇન્ક્રીમેન્ટલ ચાર્જીસ તથા તેના ઉપરનું વ્યાજ બેંક મારફતે વસૂલ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોય અને ભરપાઈ થયેલ રકમ કોઈપણ કારણસર વસૂલ ન થાય (જેમ કે ચેક પરત/બાઉન્સ થવો) તેવા સંજોગોમાં વિકાસ પરવાનગી તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવશે અને જો અરજદારશ્રી / જમીનમાલિકશ્રી / ડેવલપરશ્રી દ્વારા ચુકવણીમાં વિલંબ (૧૨ માસથી વધુનો સમયગાળો) થાય તો ૨૪% વાર્ષિક દરે દંડાત્મક વ્યાજ તથા બેંક દ્વારા લાગુ પડતા તમામ ચાર્જીસ વસૂલ કરવામાં આવશે.

આમ, સદર પરિપત્ર બહાર પાડ્યાની તારીખથી ઉક્ત સંદર્ભ (૨)માં જણાવ્યા મુજબનો અમલ કરવાનો રહેશે.

--સહી—

(પ્રવિણા ડી. કે)

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

જીઆઈડીસી, ગાંધીનગર

રવાના કર્યું

મુખ્ય નગર નિયોજક

જીપીસીપીએસઆઈઆરડીએ

ગાંધીનગર

નકલ રવાના:

૧) સભ્ય સચિવશ્રી, જીપીસીપીએસઆઇઆરડીએ, ગાંધીનગર.

૨) નાયબ કલેકટરશ્રી, જીપીસીપીએસઆઇઆરડીએ, દહેજ.

૩) હિસાબી અધિકારીશ્રી, જીપીસીપીએસઆઇઆરડીએ, ગાંધીનગર.

૪) નગર નિયોજકશ્રી, જીપીસીપીએસઆઇઆરડીએ, ગાંધીનગર.

૫) મદદનીશ મેનેજર(HR), જીપીસીપીએસઆઇઆરડીએ, ગાંધીનગર.

૬) સહાયક નગર નિયોજકશ્રી અને જુનિયર નગર નિયોજકશ્રી, જીપીસીપીએસઆઇઆરડીએ.

૭) સંબધિત કર્મચારીઓ તરફે.

૮) અંગત ફાઈલે